ગુજરાત રાજ્યના તેજસ્વી વિધાર્થીઓ માટે
મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કૉલરશીપ
યોજના (ધોરણ ૯ થી ૧૨ માટે)

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/0079/CHH
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૦/૧૦/૨૦૨૩

વંચાણે લીધા :-

૧. શિક્ષણ વિભાગના તા.૦૭/૦૬/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/0079/CHH.

પ્રસ્તાવના :-

ગુજરાત રાજ્યના તેજસ્વી વિધાર્થીઓ માટે વંચાણે લીધેલા ક્રમ-૧ પરના શિક્ષણ વિભાગના તા.૦૭/૦૬/૨૦૨૩ ના ઠરાવથી ધોરણ-૧ થી ૮ માં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં સળંગ અભ્યાસ કરી ધોરણ-૮ નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ અન્વયે સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૧ થી ૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિધાર્થીઓ પૈકી તેજસ્વી વિધાર્થીઓને મેરીટના ધોરણે રાજ્યમાં કાર્યરત અને રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ શાળાઓમાં ધોરણ-૯ માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે ગુજરાત રાજ્યના આવા તેજસ્વી બાળકોને મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કૉલરશીપ યોજના અમલમાં મુકવા વિગતવાર જોગવાઇઓ સાથે ઠરાવ કરવામાં આવેલ છે.

વિધાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઇને મહત્તમ વિધાર્થીઓને શાળાઓની પસંદગીમાં વધુમાં વધુ વિકલ્પ મળી રહે તે હેતુસર આ ઠરાવમાં સુધારાઓ કરવાની બાબત સરકારશ્રીના સક્રિય વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, શિક્ષણ વિભાગના તા.૦૭/૦૬/૨૦૨૩ ના ઠરાવમાં નીચેના કોષ્ટકના કોલમ-૨ ની સામે કોલમ-3 મુજબનો સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| જોગવાઇ ક્રમ | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| (૧) | (૨) | (3) |
| 3 (ii) | વિધાર્થીએ જે અનુદાનિત શાળામાંથી ધોરણ ૮ નો અભ્યાસ પૂર્ણ કર્યો તે અનુદાનિત શાળા | જોગવાઇ રદ્દ કરવામાં આવે છે. |
| 3 (iii) | કોઇપણ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા | કોઇપણ સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા |
| ૪ | નિયામકશ્રી, શાળાઓ દ્વારા શાળાઓની પસંદગીના ધારાધોરણ | નિયામકશ્રી, શાળાઓ દ્વારા સ્વ-નિર્ભર શાળાઓની પસંદગીના ધારાધોરણ |

| | | |
|---|---|---|
| ૪ (A) | ઉપર 3 (i) ના કિસ્સામાં નીચે મુજબની ચારેય શરતો પૂર્ણ કરે તેવી સ્વ-નિર્ભર અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનો નિયામકશ્રી શાળાઓ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કૉલરશીપ યોજનાની પસંદગી યાદીમાં સમાવેશ કરવાનો રહેશે. | ઉપર 3 (i) ના કિસ્સામાં નીચે મુજબની ચારેય શરતો પૂર્ણ કરે તેવી સ્વ-નિર્ભર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનો નિયામકશ્રી શાળાઓ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કૉલરશીપ યોજનાની પસંદગી યાદીમાં સમાવેશ કરવાનો રહેશે. |

આ યોજનાની બાકીની જોગવાઇ અને શરતો શિક્ષણ વિભાગના તા.૦૭/૦૬/૨૦૨૩ ના સમાનાંકી ઠરાવ અનુસાર યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૯/૧૦/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હિતેશ ગોહિલ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રદ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા.શિ.અનેમા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર – ૨૧, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેકટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, જીસીઇઆરટી, સેક્ટર-૧૨,ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તમામ (નિયામકશ્રી, શાળઓની કચેરી મારફતે)
- વિભાગની સર્વે શાખાઓ. આઇ.ટી. શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ